PROxI

# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૯૪ /૨૦૧૯,
## તા. ૨૫ /૬/૨૦૧૯

હું, એ.કે.સિંઘ, IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (AUDA) દ્વારા સરદાર પટેલ રિંગ રોડ પરના મહેમદપુરા જંક્શન પર ફ્લાય ઓવર બ્રીજની બાંધકામની કામગીરી અનુસંધાને તા.૧૦/૧૨/૨૦૨૧ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબના માર્ગ ઉપર ચાલતુ ટ્રાફિક ડાયવર્ટ કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ (AUDA) દ્વારા સરદાર પટેલ રિંગ રોડ પરના મહેમદપુરા જંક્શન પર ફ્લાય ઓવર બ્રીજની બાંધકામની કામગીરી થનાર છે. જે કામગીરી દરમિયાન મહેમદપુરા જંક્શનની બન્ને બાજુ એટલે કે બોપલ તરફ ૫૦૦ મીટર લંબાઇમાં અને શાંતીપુરા જંક્શન તરફ ૫૦૦ મીટર લંબાઇ સુધી સામાન્ય ટ્રાફિકને ડાયવર્ટ કરવામાં આવનાર છે. જેથી સરદાર પટેલ રિંગ રોડ ઉપર મહેમદપુરા (કાકે કા ધાબા) ચાર રસ્તા (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૦૯૬૪૦,૭૨.૪૭૭૬૨૪) ખુલ્લા રાખી તે સિવાય કૃષ્ના ગીર ગૌશાળા (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૧૩૮૭૩, ૭૨.૪૭૯૨૩૭) સામેથી લઇ સાંકેત-૧ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૧૩૮૭૩,૭૨.૪૭૯૨૩૭) સુધી એસ.પી.રીંગ રોડના મધ્યભાગનો સંપુર્ણ રોડ બેરીકેડીંગ કરી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :**

એસ.પી.રીંગ રોડ ઉપરથી અવર-જવર કરતા તમામ વાહનોએ કૃષ્ણા ગીર ગૌશાળા સામેથી લઇ સાંકેત-૧ સુધીના સર્વિસ રોડનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપર્યુક્ત ડાયવર્ઝન વાળો સમગ્ર રૂટ 'નો-પાર્કીંગ ઝોન' તથા 'વન-વે' રહેશે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૦/૧૨/૨૦૨૧ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫/૬/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા. ૨૫/૬/૨૦૧૯
અમદાવાદ શહેર

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.